ગાંધીનગર સમાચાર

**મનપાની ચૂંટણીના પ્રચાર પડઘમ શાંત**

# મહાનગરનો મહાસંગ્રામ અંતિમ ચરણમાં...



(તસવીર : કશ્યપ નિમાવત, નિકેશ બારોટ)

## ચૂંટણી માટે તંત્ર સંપૂર્ણ સજ્જ છે : વરેશ સિંહા

### ચૂંટણી કમિશ્નરે સંવેદનશીલ મતદાન મથકો સહિત રિસીવીંગ-ડિસ્પેચીંગ સેન્ટરની પણ મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગરપાલિકાની દ્વિતીય સામાન્ય ચૂંટણી માટે તંત્ર સંપૂર્ણ સજ્જ હોવાનું રાજયના ચૂંટણી કમિશ્નર શ્રી વરેશ સિંહાએ જણાવ્યું છે.

આજે મનપાની સામાન્ય ચૂંટણીની તૈયારીઓની અંતિમ સમીક્ષાને અંતે તેમણે તંત્રએ કરેલી તૈયારી અંગે સંતોષની લાગણી વ્યક્ત કરી હતી. ૩૨ બેઠકો માટેની આ ચૂંટણી માટે ચૂંટણીની ફરજો જેમને સોંપવામાં આવી છે તે તમામ કર્મચારી-અધિકારીઓને તાલિમબદ્ધ કરી દેવાયાનું પણ તેમણે જણાવ્યું હતું.

તેમણે કહ્યુ કે તેઓએ આજે સે. ૨૦ના મતદાન મથકો તેમજ સંવેદનશીલ મતદાન મથકોની પણ મુલાકાત લીધી છે એટલું જ નહિ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે પણ જરૂરી સમીક્ષા કરી છે. આ ઉપરાંત રિસીવીંગ અને ડિસ્પેચીંગ સેન્ટરની મુલાકાત પણ લીધી છે તેમજ સ્ટ્રોંગરૂમ સહિતની ત્યાં ઉભી કરાયેલી વ્યવસ્થાનું પણ નિરીક્ષણ અને સમીક્ષા કરી હતી.

ગાંધીનગર શહેરમાં મતદાન પૂર્વેની તમામ તૈયારીઓ સંપન્ન થઈ ગઈ છે. તેમણે જણાવ્યું હતું કે એક વોર્ડમાં ચાર ઉમેદવારોને ચૂંટવા માટે મલ્ટીપલ ચોઈસ વોટીંગ થશે.

ચૂંટણી કમિશ્નરશ્રીની સમીક્ષા વેળાએ જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકર પંચના સચિવ શ્રી મહેશ જોશી, ચૂંટણી અધિકારીઓ સુશ્રી નિશા શર્મા, સુશ્રી કવિતાબેન શેઠ તેમજ પ્રાંત અધિકારી શ્રી રાકેશ વ્યાસ અને મહેસુલી તંત્રના અધિકારીઓ હાજર રહ્યા હતા.

## મનપાની ચૂંટણીના પ્રચાર પડઘમ શાંત

### ઉમેદવારો દ્વારા બુથ મેનેજમેન્ટની કવાયત તો સમર્થકો દ્વારા છેલ્લી ઘડીએ મિત્રમંડળની રાજનીતિ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગર પાલિકાની દ્વિતીય સામાન્ય ચૂંટણીના પ્રચાર પડઘમ આજે સાંજથી બંધ થયા છે અને હવે ઉમેદવારો દ્વારા બુથ મેનેજમેન્ટની કામગીરી હાથ ધરવામાં આવી છે.

મનપાના પ્રચાર અભિયાનના આજના અંતિમ દિવસે વિવિધ વોર્ડમાં ઉમેદવારો દ્વારા રેલીઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બેન્ડવાજા, વાહનો મોટી સંખ્યામાં જોડાયા હતા. કેટલાક વોર્ડમાં તો રેલી સવારના સમયે હોવાથી ઓફિસ જવાના સમયે ટ્રાફિક પણ જામ થવા પામ્યો હતો.

પ્રચારના અંતિમ તબક્કામાં ઉમેદવારો ખુલ્લી જીપમાં મતદારોનું અભિવાદન ઝિલતા દેખાયા હતા. તો આ રેલીમાં પ્રચાર માટેની રીક્ષાઓ પણ રેલીના આરંભે અને અંતમાં જોવા મળતી હતી. પક્ષના ખેસ અને ધ્વજ સાથે ખુલ્લી જીપો શણગારવામાં આવી હતી. એટલુ જ નહિ કાર્યકરોના વાહનો પર પણ તે જોવા મળતી હતી.

આજે પ્રચાર અભિયાનને અંતે શહેરમાં મિત્ર મંડળનું રાજકારણ ગરમાયુ છે એટલુ જ નહિ આ ચૂંટણીમાં મતદાનના દિવસે જ લગ્નો પણ વધારે હોવાથી મતદારોને વહેલા આવી મતદાન કરી જવા માટેની પણ રણનીતિ તૈયાર કરવામાં આવી રહી છે.

ઉમેદવારો દ્વારા મતદારોને મતદાર સ્લીપનું વિતરણ પણ પૂરજોશમાં આરંભી દેવામાં આવ્યું છે. મોટા ભાગના મતદારોને આવી સ્લીપો પહોંચી ગઈ હોવાનું પક્ષોના

● અનુસંધાન પાન-૭ પર


**KIPA SUMMER CAMP**

(ગત વર્ષની જેમ આ વર્ષે પણ)

વેકેશનની રજાઓનો સદઉપયોગ કરી, નવું કૌશલ્ય પ્રાપ્ત કરો

ફોક, વેસ્ટર્ન અને ભરતનાટ્યમ ડાન્સીંગ

૧ મે,૨૦૧૬ થી બે-મહિના સુધી અઠવાડિયામાં ત્રણ દિવસ

પ્રથમ ૫૦ વિદ્યાર્થીઓને સ્પેશીયલ ડિસ્કાઉન્ટ

---CONTACT---

KIPA - KHANAK INSTITUTE FOR PERFORMING ARTS

ખુશ્બૂ કુલદીપ શુક્લ મો.7405117117

પ્લોટ નં.૫૬૧/૨, તેજસ સોસાયટી, સેક્ટર-૨૩, ગાંધીનગર.



**લગ્ન વિષયક**

એમ.ડી. મેડીસીન (આર.૧) ઉંમર વર્ષ ૨૫ યુવક માટે એમ.બી.બી.એસ. અથવા પી.જી. કરતી યુવતી ૨૮૨, વણકર સમાજની યુવતીને પ્રથમ પસંદગી.

લખો

પોસ્ટ બોક્સ નં.૨૩૦૪

ગાંધીનગર સમાચાર

ગાંધીનગર



**ગુજરાત ક્રિકેટ એસોસીએશન દ્વારા**

**ગાંધીનગર જિલ્લા ક્રિકેટ એસોસીએશનના સહયોગથી**

**યુવા પ્રતિભા શોધ (ટેલેન્ટ સર્ચ)**

નું આયોજન

આયોજનની તારીખ : ૧-૫-૨૦૧૬, રવિવાર

સમય : સવારે ૭-૩૦ વાગ્યાથી

વય મર્યાદા : ૧૬ થી ૨૩ વર્ષ સુધી

નામ નોંધાવવાનું સ્થળ : ક્રિકેટ ગ્રાઉન્ડ, સચિવાલય જીમખાના, સેક્ટર-૨૧, ગાંધીનગર

નામ નોંધણીનો સમય : સવારે ૭-૦૦ થી ૧૦-૦૦ વાગ્યા સુધી

નામ નોંધણીની તારીખ : ૨૦/૪/૨૦૧૬થી ૨૮/૪/૨૦૧૬

નોંધ : (૧)નામ નોંધાવનાર દરેક ખેલાડીએ ક્રિકેટના યુનિફોર્મમાં આવવું.

(૨)દરેક ખેલાડીએ પોતાની કીટબેગ સાથે લાવવી.





**બેસણું**



અમારા પૂજ્ય માતૃશ્રી

**વજીબા અમરશીભાઈ મેરજા**

ઉ.વ.૮૦ **તા.૨૨-૦૪-૨૦૧૬** ના રોજ સવારે ૧૦ વાગે દેહાંત થયેલ છે. તેમની પ્રાર્થના સભા નીચેના સ્થળે રાખેલ છે. **નોંધઃ- લૌકિક પ્રથા બંધ રાખેલ છે**

સ્થળ : ૨૪-૪-૨૦૧૬ને રવિવારે, સવારના ૮ થી ૧૦ કલાકે, શ્રી સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ, સે.૧૨, શ્રી ઉમિયા માતાજી મંદિર પાછળ, ગાંધીનગર

રમેશ મેરજા (અધિક નિવાસી કલેક્ટર, મહેસાણા) ભાવના સુરેશ સરડવા (અમદાવાદ) બ્રિજેશ મેરજા (સામાજીક આગેવાન, ગાંધીનગર - મોરબી)

અમરશીભાઈ માવજીભાઈ મેરજા

મેરજા પરિવાર - ચમનપર - થોરાળા - મોરબી



**ડૉ. કિરીટ એસ. પટેલ**

તા. ૨૩/૪/૨૦૧૬ થી ૧૮/૬/૨૦૧૬ સુધી તેમના દવાખાને મળશે નહીં. પરંતુ ડૉ. વિશાલ કે. ઠાકર રાબેતા મુજબ દવાખાને મળશે.

સ્થળ : ૧૮૦, ડબલ ડેકર, હરસિદ્ધનગર, સેક્ટર-૨૪, ગાંધીનગર

ફોન : ૨૩૨૮૯૨૮૯


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com